## ગાણિતીક કોયડો

**તમે ઊખાણાં (Means Puzzle) તો ઘણાં સોલ્વ કર્યા હશે**

**પણ આ એક સાચો કરી બતાવો તો ખરાં..**

એક ઘરડી સ્ત્રી પાસે ઘણા બધા ઈંડા હતા. તે બધા લઈને વેચવા બજારે ગઈ.એક ગ્રાહકે આવી તેને પૂછ્યું"તમારી પાસે કેટલા ઈંડા છે ?" તેણે કહ્યું "મને ૧૦૦ થી વધારે ગણતા નથી આવડતુ પણ મને એ ખબર છે કે...

ઈંડાની કુલ સંખ્યાને ૨ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૩ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૪ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૫ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૬ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૭ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૮ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૯ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૧૦ વડે ભાગતા ૧ ઈંડુ વધે છે.

ઈંડાની કુલ સંખ્યાને ૧૧ વડે ભાગતા કોઈ ઈંડુ વધતુ નથી.

તો તે સ્ત્રીની મદદ કરો અને કહો કે તેની પાસે કેટલા ઈંડા હશે?

- શ્રી આશિષકુમાર બી. મકવાણા

*****

**જવાબ માટે આવતા અંકની રાહ જુઓ...**

### *આભાર દર્શન ......*

"વિજ્ઞાન સૌરભ" ની રચના પાછળ સામેલ તમામ નાના-નાના ભૂલકાઓ તથા શિક્ષકમિત્રો નાં અમે આભારી છીએ. સર્વે ને વિનંતી વિજ્ઞાન ગણિતનાં લેખો અમને મોકલતાં રહો.

– સંપાદક




સહાયક : ગણિત-વિજ્ઞાન મંડળ નાની ગરમલી તથા કણેર પ્રા. શાળા

For not to sell free copy only read.

# વિજ્ઞાન સૌરભ

**પ્રકાશક**

ગણિત-વિજ્ઞાન મંડળ/મોટી ગરમલી પ્રાથમિક શાળા, તા.ધારી,જિ.અમરેલી,

વાયાઃ ચલાલા, પીનઃ ૩૬૫૬૩૦. મો. ૯૧૭૩૪૨૩૧૬૫

ચિત્રાંકન : એ.બી. મકવાણા        મુદ્રક : પેઈન્ટર મકવાણા – અમરેલી

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિનું નામ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | સંપાદકની કલમે | શ્રી મહેન્દ્રકુમાર રાજયગુરૂ | ૧ |
| ૨ | બાળ વિજ્ઞાન વાર્તા- પ્રકાશ | શ્રી આશિષકુમાર મકવાણા | ૨ |
| ૩ | Science જોક્સ | શ્રી આશિષકુમાર મકવાણા | ૪ |
| ૪ | પતંગ અને પર્યાવરણ | શ્રી વિજયકુમાર સોલંકી | ૫ |
| ૫ | વૈજ્ઞાનિક શોધ અને શોધક | શ્રી કાજલબેન ભર્ડીંગજી | ૭ |
| ૬ | મેરી ક્યુરી અને તેની શોધો | ક્રિનાબેન જીયાણી-ધો. ૫ | ૮ |
| ૭ | જાણવાં જેવું – દૂધ સફેદ કેમ? | શ્રી મહેન્દ્રકુમાર રાજયગુરૂ | ૯ |
| ૮ | મારા પ્રિય વૈજ્ઞાનીક | શ્રી મહેશકુમાર રાજયગુરૂ | ૧૦ |
| ૯ | ગાણિતીક કોયડો | શ્રી આશિષકુમાર મકવાણા | ૧૧ |
| ૧૦ | આભાર દર્શન | શ્રી મહેન્દ્રકુમાર – સંપાદક | ૧૧ |


**સંપાદકની કલમે ...**

"વિજ્ઞાન સૌરભ" માસિક પત્રીકાની પ્રથમ રચના પાછળ સામેલ તમામ નાના-નાના ભૂલકાઓ તથા શિક્ષકમિત્રોનો હું આભારી છુ. સર્વે ને વિનંતી આવીને આવી રીતે વિજ્ઞાન ગણિતનાં લેખો અમને મોકલતાં રહો.

**– સંપાદક**



## મારા પ્રિય વૈજ્ઞાનિક

# સી. વી. રામન



જન્મ~ ૭ નવેમ્બર ૧૮૮૮ ,મૃત્યુ ~ ૨૧ નવેમ્બર ૧૯૭૦

ભારત રત્ન સર ચંન્દ્રશેખર વેંકટ રામન એક મહાન ભૌતિક વિજ્ઞાની હતા. સર સી. વી. રામનનો જન્મ તિરુચિરપલ્લી, તમિલનાડુ ખાતે હિંદુ, બ્રામણ પરિવારમાં થયો હતો. એમનીમાતૃભાષા તામિલ છે. તેઓના પિતાજી ગણિત તથા ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા હોવાને કારણે રામનજીને ભણવાનું યોગ્ય વાતાવરણ ઘરમાંમળ્યું.

રામનજી પ્રેસિડન્સી કોલેજ , ચેન્નાઈ ખાતે ઇ. સ. ૧૯૦૨ના વર્ષમાં દાખલ થયા, અને ઇ. સ. ૧૯૦૪ના વર્ષમાં એમણે બી.એસ.સી ની પદવી મેળવી. જેમાં એમણે પ્રથમ સ્થાને રહી સુવર્ણચંદ્રક પણ જીત્યો હતો. ઇ. સ. ૧૯૦૭ના વર્ષમાં એમણે એમ.એસ.સી ની પદવી અવ્વલ સ્થાને રહી ૭૦%થી વધુ ટકા સાથે મેળવી હતી. ત્યારબાદ એમણે આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ જનરલ તરીકે ઇન્ડીયન ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં કોલકત્તા ખાતેપોતાની કારકિર્દીની શરૂઆતકરી.

આજે છે ૨૮મી ફેબ્રુઆરી.આજે છે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ.ભારતના વૈજ્ઞાનિક શ્રી ડૉ.ચંદ્રશેખર વેંકટરામને ઈ.સ. ૧૯૨૮માં આજના દિવસે પ્રકાશના પરાવર્તનની વિસ્મયકારક ઘટના નિહાળી. વિજ્ઞાનજગતમાં આ ઘટનાનો પ્રભાવ એટલો બધો પડ્યો કે સમગ્ર એશિયામાંથી ભૌતિકશાસ્ત્રમાં નોબલ પારિતોષિક સૌ પ્રથમ તેમને એનાયત થયું હતું. વિજ્ઞાનની આ સુવર્ણ ઘડીને બિરદાવતાં ૨૮મી ફેબ્રુઆરી "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ " તરીકે ઉજવાય છે. ૨૮મી ફેબ્રુઆરીએ ડૉ.રામને તેમની નોબેલ પ્રાઈઝ મેળવનારી શોધ 'રામન ઇફેક્ટ'નો આવિષ્કાર કર્યો હતો. પ્રકાશના કિરણો કઈ રીતે કામ કરે છે, તે વિશે તેમણે ઉંડું સંશોધન કર્યુ હતું , જે પાછળથી ભૌતિક વિજ્ઞાન જગતમાં 'રામન ઇફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

► શ્રી મહેશકુમાર એલ. રાજ્યગુરૂ,ઉ.શિ., મોટીગરમલી

- **દૂધ સફેદ રંગનું કેમ હોયછે ?**




- આપણે ત્યાં એવી માન્યતા છે કે દુધ કેલ્શિયમ ના કારણે સફેદ હોય છે.પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લિટરે ૧..૨૭ ગ્રામ કેલ્શિયમ હોય છે અને પ્રોટીન 33 ગ્રામ જેટલું હોય કે તેનાથી વધારે હોય છે. પ્રોટીન ની ઘણી જાત છે. પરતું દુધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાત નું પ્રોટીન બીજા કોઈપણ ખાદ્યપદાર્થ માં હોતું નથી.કેસીન ની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયના દૂધ કરતાં ભેસના દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દૂધ વધુ સફેદ હોય છે.
- આયુર્વેદ ના જુદા જુદા ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ દૂધમાં ગાય ના દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સહિતા નામમા ગ્રંથમાં જણાવ્યું છે કે ‘ગવ્યં દશગુણં પયઃ’ અર્થાત ગાય ના દૂધમાં દશ ગુણ છે. દૂધમાં સ્વાદિષ્ટ, શીતળ, કોમળ, સ્નિગ્ધ, ગાઢ, સાત્વિક, લસદાર, ભારે, બહારના પ્રભાવને મોડેથી ગ્રહણ કરનાર અને ચિત્તને પ્રસન્ન કરનાર એમ દસ ગુણો હોય છે. આ ઉપરાંત આ ગ્રંથમાં દૂધના આઠ પ્રકારો પણ દર્શાવવામાં આવ્યા છે. મહર્ષિ ચરક ગ્રંથના અન્નપાન વિધિના પ્રકરણમાં(સૂત્રસ્થાન-અધ્યાય ૨૭) કહે છે – ‘ક્ષીરં જીવયતિ’ અર્થાત દૂધ જીવનદાતા છે.

► **શ્રી મહેન્દ્રકુમાર રાજયગુરૂ**



# બાળ વિજ્ઞાન વાર્તા

## સૌથી સફેદ કોણ?




એક ગામમાં બે મિત્રો રહેતા હતા. એ બંનેનાં નામ શ્યામ અને રામ હતાં. એમના વચ્ચે દરરોજ કોઈ ને કોઈ વાતો પર શરતો લાગતી હતી. એક દિવસ રામ અને શ્યામ વચ્ચે ‘સૌથી સફેદ કોણ’ આ વિષય પર શરત લાગી. શ્યામ કહે સૌથી સફેદ ‘દૂધ’, રામ કહે સૌથી સફેદ ‘રૂ’ એમ કરતા કરતા એમણે આ વિષય પર શરતો લગાવી અને એ બંને જણ રામના દાદા પાસે ગયા. દાદાને રામે પૂછયું કે દાદાજી , સૌથી સફેદ ‘રૂ’ કે ‘દૂધ’. ત્યારે રામના દાદાજી એમને એક વાર્તા કહે છે.

'એક દિવસ અકબરના મનમાં પ્રશ્ન થયો કે સૌથી સફેદ કોણ?' અકબર ઘણું વિચારે છે પછી એમણે આ સવાલ ભરી સભામાં પૂછયો. ત્યારે અકબરના એક દરબારીએ કહ્યું , જહાંપનાહ, સૌથી સફેદ તો દૂધ જ કહેવાય એ જ વખતે એક બીજો દરબારી કહે જહાંપનાહ , સૌથી સફેદ તો 'રૃ' જ કહેવાય. આ વાત બીરબલના કાને ચઢી અને બીરબલને એક યુક્તિ સૂઝે છે.

બીરબલ વહેલી સવારે ઊઠીને અકબરના રૃમના દરવાજા પાસે એક ગ્લાસ દૂધ અને થોડું 'રૃ' વેરે છે. અકબર વહેલી સવારે (મળસ્કે) પોતાનું રૃમનો દરવાજો ખોલીને બાથરૃમમાં જવા નીકળે છે ત્યારે અકબરનો પગ ગ્લાસને લાગે છે અને દૂધ ઢોળાઈ જાય છે. અકબર પોતાના સૈનિકોને બોલાવે છે. ત્યારે બાજુમાં ઊભો રહેલો બીરબલ લાઈટ ચાલુ કરીને કહે છે. જહાંપનાહ , જો સૌથી સફેદ રૃ કે દૂધ હોત તો તમને ઘોર અંધારામાં પણ એ દેખાઈ પડત પણ એ સૌથી સફેદ નથી. સૌથી સફેદ તો પ્રકાશ કહેવાય છે. જેના દ્વારા ઘોર અંધારામાં પણ આપણને બધી વસ્તુ સ્પષ્ટ દેખાય છે. તેથી સૌથી સફેદ પ્રકાશને જ કહેવાય. આ વાર્તા સાંભળીને રામ અને શ્યામ કહે કે સૌથી સફેદ તો **પ્રકાશ** નહીં કે રૃ અને દૂધ. અને તેઓ પોતાની શરતોનું ઈનામ દાદાજીને આપે છે.

► શ્રી આશિષકુમાર બી. મકવાણા,ઉ.શિ., મોટીગરમલી



## મેરી ક્યૂરી અને તેની શોધો

**પોલોનીયમ** એ એક રાસાયણિક તત્વ છે જેની સંજ્ઞા **Po** અને અણુ ક્રમાંક ૮૪ છે. આ ધાતુની શોધ ૧૮૯૮માં મેરી ક્યૂરી અને પેરી ક્યૂરી એ કરી હતી. આ એક દુર્લભ અને અત્યંત કિરણોત્સારી તત્વ છે. રાસાયણિક રીતે આ તત્વ બિસ્મથઅને ટેલુરિયમ [૧] જેવો છે. અને તે યુરેનિયમની ખનિજમાં મળી આવે છે. અવકાશયાનને ગરમ કરવામાટે આ તત્વની ઉપયોગિતા વિષે અભ્યાસ કરાયો છે. આ તત્વ અસ્થિર હોવાથી તેના દરેક સમસ્થાનિકો કિરણોત્સારી છે. પોલોનીયમ એ આંતર સંક્રાંતિ તત્વ છે કે ધાતુ સદશ છે તેના વિષે મતભેદ છે

**રેડીયમ** એ એક રાસાયણિક તત્વ છે જેનો અણુ ક્રમાંક ૮૮ અને જેની સંજ્ઞા **Ra** છે. રેડિઅયમ એ અત્યંત શુભ્ર એવી સફેદ આલ્કલાઇન પાર્થિવ ધાતુ]] છે. હવામાં ખુલ્લીરાખતાં આ ધતુનું ઓક્સિડેશન થાઈ તે કાળી પડી જાય છે. રેડિઅયમના દરેક સમસ્થાનિકો અત્યંત કિરણોત્સારી હોય છે. તેમાં સૌથી વધુ સ્થિરતા ધરાવતું સમસ્થાનિક છે રેડિયમ-૨૨૬ જેનો અર્ધ આયુષ્ય કાળ ૧૬૦૧ વર્શ હોય છે. અને કિરણોત્સારી ખવાણ થઈ તે રેડૉન વાયુમાં રૂપાંતરીત થઈ જાય છે. આવી અસ્થિરતાને કારણે રેડિયમ એક ચળકતો પદાર્થ છે કે હ્લા ભૂરા રંગે ચળકે છે. રેડિયમ ક્લોરાઈડના સ્વરૂપે અ ધાતુની શોધ મેરે ક્યુરી અને પેરી ક્યુરી એ ૧૮૯૮માં કરી હતી. તેમણે યુરેનિનાઈટ ખનિજમાંથી આ તત્વ ની શોધ કરી અને તેના પાંચ દિવસ બાદ ફ્રેંચ એકેડમી ઑફ સાયંસીસમાં પ્રસિદ્ધ કરી. ૧૯૧૦માં મેરી ક્યુરી અને એન્ડ્રે લ્યુઈસ ડેબીર્ને એ રેડિયમ ક્લોરાઈડના વિદ્યુત પૃથકરણ કરીને રેડિયમ છુટ્ટું પાડ્યું હતું. આની શોધ થઈ ત્યારથી આને વિવિધ નામ અપાયા છે જેમકે રેડિયમ A અને radium $C_2$ વિગેરે. પ્રાકૃતિમાં યુરિનિયમની ખનિજ યુરેનાઈટ રેડિયમ આંશિક સ્વરૂપે મળે છે તે એક ટન ખનિજમાં એક ગ્રામના સાતમા ભાગ જેટલું હોય છે. જીવીત પ્રાણીઓ માટે તે જરૂરી તત્વ નથી. માનવ સંપર્કમાં આવતા તે જોખમી છે.

► ક્રિનાબેન ધીરેન્દ્રભાઇ જીયાણી,ધો.5, મોટીગરમલી પ્રા.શાળા

બીજાંઓને આવાં પક્ષીઓની સારવાર કરતાં શીખવાડે પણ છે. પપ્પાનેય કહેજો હવેથી આવો દોર ન લાવે. ચાલો આપણે હવે બંન્ને કામ કરીએ. સાદી દોરીથી પતંગ ચગાવવાની મજા ને કોઇ પક્ષી ઘાયલ થાય તો એને સાજું કરવાનીયે મજા !!

આવજો ને મજા કરજો.

લી. વિજયકુમાર એસ. સોલંકી

## વૈજ્ઞાનિક શોધ અને શોધક

| શોધ | શોધનાર | દેશ | વર્ષ |
|---|---|---|---|
| પરમાણું બોમ્બ | ઓટોહેન | ઇંગ્લેન્ડ | ૧૯૩૯ |
| બેટરી | વોલ્ટા | ઇટલી | ૧૮૦૦ |
| ઓક્સિજન | જે. બી. પ્રીસ્ટલે | ઇંગ્લેન્ડ | ૧૭૭૪ |
| ડાયનેમાઇટ | આલ્ફ્રેડ નોબલ | સ્વીડન | ૧૮૬૬ |
| બલ્બ | એડિસન | યુ.એસ.એ. | ૧૮૬૦ |
| અલ્ટ્રાવાયોલેટ કિરણો | ફીન્સેન | હોલેન્ડ | ૧૮૯૬ |
| ઇલેક્ટ્રિક મોટર (D.C) | ઝેમેબે ગ્રેમ | બેલ્જીયમ | ૧૮૭૩ |
| ઇલેક્ટ્રિક મોટર (A.C) | નિકોલા ટેસ્લા | યુ.એસ.એ. | ૧૮૮૮ |
| ઈલેક્ટ્રોનિક કોમ્પ્યુટર | એલન ટ્યુરીંગ | ઇંગ્લેન્ડ | ૧૮૨૪ |
| ટેલીવિઝન | જ્હોન લોગી બેયર્ડ | યુ.એસ.એ. | ૧૯૨૬ |

► શ્રી કાજલબેન એમ. ભડીંગજી,ઉ.શિ., મોટીગરમલી



## Science જોક્સ

શિક્ષકે પૂછ્યું : 'બેરિયમનું કેમિકલ સિમ્બોલ ?'

ટ્વિન્કલ : 'Ba'

શિક્ષક : 'સોડિયમનું ?'

ટ્વિન્કલ : 'Na'

શિક્ષક : 'બેરિયમનો એક અણુ ને સોડિયમના બે અણુને મિશ્ર કરીએ તો શું બને ?'

ટ્વિન્કલ : 'Banana સર !'

\- એ.બી.મકવાણા

એક કીડી રિક્ષામાં જઇ રહી હતી.
રસ્તામાં તેણે પગ બહાર કાઢ્યો.

**ડ્રાઇવર :** કીડીબહેન, પગ બહાર ન કાઢો બીજા વાહન સાથે અથડાઇ જશે.

**કીડી :** એક મિનિટ શાંતિ રાખો, આગળ જતાં પેલા હાથીને પાટું મારી પાડી દઉં પછી પગ અંદર લઇશ.

# પતંગ અને પર્યાવરણ

પ્રિય વ્હાલાં બાળમિત્રો,

કેમ છો ? મજામાં ને ? હમણાં ઉત્તરાયણ આવી ને ગઇ… તમે બધાંએ ચીકી ને તલના લાડુ ભરપેટ ખાધાં હશે. મમ્મીએ બનાવેલું મજાનું ઊંધિયું તો ખરું જ. ખરી વાત ને ? શિયાળામાં નવા તલ આવે. તલ તંદુરસ્તી માટે ઘણા ગુણકારી. એવું જ મજાનું કામ ગોળનું. પણ જોજો, દેશી ગોળ ખાજો હોં !! ગોળ જેટલો સફેદ એટલો નકામો. રસાયણોથી જ ગોળ સફેદ થાય ને આ રૂપાળા ગોળના રસાયણો પેટમાં જઇને કાળા કામ કરે !! બાકી મસ્ત મજાનાં લીલાં શાકભાજી ખાવાના તો જલસા પડે. ઊંધિયાની જય હો…

ઉત્તરાયણ આવે ને તમે પતંગ ન ચગાવ્યા હોય એવું કંઇ બને ખરું ? આકાશ રંગબેરંગી પતંગોથી છવાઇ જાય અને આખું શહેર અગાસીમાં હોય એ આ તહેવારની મજા છે. નાનાં મોટાં પતંગો ને પાકી દોરીઓ. આકાશમાં પતંગ ચડે ને સાથે આપણું મન પણ ક્યાંય જાય ઊંચે !! એમાં જો જામે બે પતંગ વચ્ચે કાપવાની સ્પર્ધા !! કેટલા પતંગ તમે કાપ્યા ? કહો જોઇએ !!

મને બહુ ગમે બાળકો પતંગ ચગાવે એ. રૂડું રૂપાળું પતંગોથી છવાયેલું આકાશ અને કિકિયારીઓ કરતાં બાળકો બહુ ગમે પણ એની સાથે બહુ તકલીફ પણ પડે. ક્યારે તકલીફ પડે ખબર છે ? જ્યારે કોઇ પંખીની પાંખ કપાઇ જાય અને બિચારું તરફડતું પડે નીચે ત્યારે. જ્યારે કોઇ પક્ષીના ગળામાં પાકો કાચ પાયેલો દોર આવી જાય અને નીચે પડતાં પહેલાં જ એના રામ રમી જાય. જ્યારે કોઇ સ્કૂટર પર કે મોટરસાયકલ પર જતું હોય અને અચાનક પતંગની દોર એના ગળામાં ઘસરકા સાથે એને લોહીલુહાણ કરી મૂકે ત્યારે…

બાળકો, એકની મજા બીજાની સજા બની જાય એવું તો કેમ ચાલે ? કોઇની મજા કોઇ નિર્દોષ પંખીનો જીવ લઇ લે એ કેમ ચાલે ? આમાં વાંક પતંગ ચગાવવાનો નથી, વાંક આપણો પણ નથી, વાંક તો છે પેલા કાચ પાયેલા દોરનો. એના કારણે જ આવા ભયંકર બનાવો



બની જાય છે. જે બારે માસ આકાશમાં પતંગની જેમ પોતાની જાતે, કોઇને નડ્યા વગર ઊડ્યા કરે છે એવા પક્ષીઓ પૂછે છે, “અમારો શું વાંક છે ? તમે મજા કરો પણ અમને તો જીવવા દો.”

પક્ષીઓ કદી આપણી પાસે આવીને કશું માંગતા નથી. કદી આપણને કોઇ જ જાતનું નુકસાન પહોંચાડતાં નથી. ઉલ્ટાનું આપણું અનેક પ્રકારે ભલું કરે છે. પર્યાવરણને જાળવી રાખે છે. વૃક્ષોને વધવામાં મદદ કરે છે. નાનાં બાળકોને તો પક્ષીઓ કેટલો આનંદ આપે છે. ચકલીનું ‘ચીં ચીં’ કે મોરનું ‘ટેહુક’ સાંભળવાની કેવી મજા પડે છે. પોપટ ને કબુતર, કાગડો ને કોયલ તો આપણાં મિત્રો છે. એને આપણા માટે મરવાનું ?

જરા વિચાર કરો, જે કબુતર રોજ તમારા આંગણે આવીને ચણે છે તે આવી દોરીથી કપાઇને તમારા દરવાજા પાસે પડશે તો તમને કેવું દુખ થશે !! હું જાણું છું, એકવાર આવું જોનાર કદી આવી દોરી વાપરી શકે નહિ. તમે તો કદી નહિ.

બાળકો, આવું તો ન જ થવા દઇએ. પતંગ જરૂર ચગાવીએ પણ સાદી દોરી વાપરીએ. એવી કાચ પાયેલી દોરી નહિ જ કે જેનાથી કોઇનો જીવ જાય. ભલે ને આપણો પતંગ કપાય જાય. અને આપણે જ નહિ, આપણા મિત્રો અને આડોશીપડોશીઓને પણ સમજાવીએ કે ભઇ, કાચ પાવાના ધંધા બંધ. એવો દોર કોઇ ખરીદે જ નહિ તો પછી કોઇ બનાવે પણ નહિ. અને મને ખબર છે, બાળકો સૌથી વધુ સમજદાર હોય છે.

તમને ખબર છે કેટલાંય યુવાન મિત્રો આ દિવસોમાં આવાં પક્ષીઓને બચાવવાના કામમાં લાગી જાય છે ? હમણાં જ ‘દિવ્ય ભાસ્કર’માં વાંચ્યું કે અમદાવાદના જાહિદભાઇ, જિતેન્દ્રભાઇ, ઇમરાનભાઇ, અદીલભાઇ અને એમના મિત્રો ખુશ્બુ, લમીયા, અંજૂમ, તશનીમ અને આવાં બીજાં યુવાનો પક્ષીઓને બચાવવાનું જબરું કાર્ય કરે છે. હેલ્પલાઇન ચલાવે છે. ઘાયલ પક્ષીઓની સારવાર કરે છે અને